# સન્નારી

HAPPY Independence Day 2026



## ‘મુરલી’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘મુરલી’**. તમારી મૌલિક કૃતિ અમને 22-08-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

‘દેશભક્તિની પરિભાષા’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.



## માની મૂક વેદના

મા પોતાના લાડકવાયાને ફૌજી બનાવીને
કઠણ હ્રદયે સરહદે દેશસેવા માટે મોકલે,
એ પણ દેશભક્તિની પરિભાષા છે ને!!!
બિચારી માને ક્યાં ખબર હોય છે કે...
એ વહાલસોયો પરત ઘરે પધારશે કે?
સહીસલામત ઘરના પ્રાંગણે ફરશે કે?
અપાહિજ થઈને તો નહીં આવે ને?
કે પછી ત્રિરંગામાં લપેટાઈને તો નહીં આવે ને?
છતાંયે... એ મા કાળજાં કેરા કટકાને હસતે મોંએ વિદાય આપે છે!
હ્રદયથી રોતી મા મુખારવિંદ પર ખુશી રાખે છે!
આ શહીદી પણ દેશભક્તિની પરિભાષા જ છે ને!!!

**- ચંપાબેન કિશોરભાઈ આમરણિયા (અમદાવાદ)**



## હાઈકુ

દેશભાવના
જેમ, નસનસમાં-
વહેતું લોહી !

***

દેશભક્તિની
પરિભાષા, પ્રથમ
સ્વદેશ પ્રેમ.

***

રાષ્ટ્રભાવના
રાષ્ટ્રના ઉન્નતિની-
આધારશિલા.

***

**- કિશોર આર. ટંડેલ (નવસારી)**



## મારી નોખી પરિભાષા

દેશભક્તિની પરિભાષા મારી નોખી,
ન ફરવું ઝંડો લઈને કે ન કરવા કોઈ નારા.
નાગરિક દેશના સૌને ગણવા સમાન,
વિના કોઈ નાતજાત કે ભેદભાવ!
હોય ગરીબ કે અમીર વ્યક્તિ,
મારે મન તો એ એક ભારતીય માત્ર!
છું એક શિક્ષિકા શાળાની,
કરું દેશનાં ભવિષ્યને તૈયાર વર્ગખંડમાં!

**- શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**

## દેશભક્તિની પરિભાષા

મારી દેશભક્તિ
સીમામાં બંધાતી નથી...
તે આકાશ જેટલી વિશાળ છે!
દેશભક્તિ અસીમ છે!
ન નામમાં...ન નકશામાં...
પણ, નીરવ ચેતનાના પ્રવાહમાં વસે છે!
દેશભક્તિ અનંત છે!
જેમ સર્વ ધર્મ સમાન છે...
તેમ સર્વ દેશ, મારો પરિવાર છે!
દેશભક્તિ બળવાન છે!
સીમા, મન દોરે છે...
પણ હ્રદય? હ્રદય તો વિશ્વને એક જ માને છે!
દેશભક્તિ સર્વવ્યાપી છે!
કોણ મારું? હું ક્યાંની?
આ પ્રશ્નો જ વિઘટિત થઈ જાય છે!
જ્યારે ‘હું’ નું કેન્દ્ર,‘અમે’ માં વિસ્તરી જાય છે!
માટી બદલાય...
ભાષા બદલાય...
સીમા બદલાય...
પણ દિલ? દિલ ક્યારેય બદલાતું નથી!
જ્યાં માનવતા છે, ત્યાં મારો દેશ છે! હું પૂછું છું–
શું દેશભક્તિ ફક્ત એક જ ધરતી માટે? ના!!!
જ્યાં પ્રેમ છે, ત્યાં મારી ઓળખ છે!
દરેક ધબકાર ગુંજે, ‘વિશ્વ! વિશ્વ! વિશ્વ!’
દરેક શ્વાસ કહે, ‘એકતા! શાંતિ! પ્રેમ!’
ચાલો ઊઠીએ! ભેદ તોડીએ!
કારણ કે સાચી દેશભક્તિ,
એક દેશ નહીં...બધા દેશ માટે..
એક વિચાર! એક સૂર! એક વિશ્વ!

**- ડૉ. રાજલ સુખીયાજી ચલિયાવાલા (ફ્રાન્સ)**

## દેશભક્તિની પરિભાષા

પુસ્તકની કોઈ વ્યાખ્યામાં એ કેદ નથી થતી,
દેશભક્તિની પરિભાષા કાગળ પર નથી મપાતી.
દેશભક્તિ એટલે નથી માત્ર સૂત્રો કે નારા,
દેશભક્તિ તો છે લોહીમાં વહેતી પવિત્ર ધારા.
સરહદ પર તો વીરો સમર્પિત કરે છે પોતાનું તેજ,
પણ સીમાને પાર પણ આપણા કર્તવ્ય છે સહેજ.
ઘરમાં રહીને દેશ પ્રત્યેની ફરજ અદા કરવી,
નાગરિકે પોતાની જવાબદારી સમજવી.
આંખોમાં આંસુ આવે દેશની પીડા જોઈને,
ને હર્ષથી ફૂલી જાય છાતી દેશની પ્રગતિ જોઈને.
આ ભાવ, આચરણ અને સમર્પણનો અહેસાસ છે,
બસ, આ જ તો દેશભક્તિની પરિભાષા ખાસ છે.

**- નિરાલી ઠોરિયા (મોરબી)**

## આઝાદી

પારાવાર પ્રયત્નો પછી આવી ’તી એ
વળી, આપણા વિશ્વાસે આવી ’તી ને!
ધન્ય આપણાં વીર શહીદો ને વડીલો,
એમણે જ એને ખરા અર્થમાં માણી ’તી!
અને હવે...
પશ્ચિમનું આંધળું અનુકરણ ને
સુંદર ગામડાંઓનું શહેરીકરણ!
સ્વચ્છંદી સ્વતંત્રતાનું અટ્ટહાસ્ય
ને પરતંત્રતા પાંગરતી આજે!
ફરી ત્રિરંગામાં વીંટળાયેલી આઝાદી
નીકળશે ઘડી બે ઘડી આંસુ સારતી
કોઈક તો મને શોધશે, જાગશે
એની આંખોમાં આશા ,પરંતુ,
આપણે સૌ ગુમાવી ચૂક્યા છે
એને સમજવાની પરિભાષા!

**- રીટા સંજય વશી (સુરત)**

## વતન માટે

(ગઝલ)

કર્યું છે શું? કર્યું કોણે? ન પૂછો આ વતન માટે,
હવે વારો તમારો છે,યુવાનો આ વતન માટે.
થયું છે તો ખરું થોડું, ઘણું બાકી છે કરવાનું,
નહિ પાકે ફરી ગાંધી, અહીં બીજો વતન માટે.
મળે છે દેશને નેતા, ઘણા કૌભાંડમાં રાચે,
કરે છે કામ એ હંમેશ પણ ખુદના સદન માટે.
પ્રમાદી થઇ બધાં જીવશું, તો જીવશું ક્યાં સુધી, બોલો
સનાતન છે નિયમ જન્મે બધા, અંતે ગમન માટે.
મરે છે રામ સંકટમાં, જીવે છે ચેનથી રાવણ ,
કહો ક્યાં છે હવે હનુમાન અહીં લંકા દહન માટે.
‘પ્રભાકર’ આંખ ભીની થાય છે, જોઈ ગરીબોને,
તરસતી જિંદગી લાગે કદી બે ગજ કફન માટે.

**- પ્રભાકર ધોળકિયા(સુરત)**



## મારું ભારત

ભારત મારી જન્મભૂમિ, ભારત મારો શ્વાસ,
ત્રિરંગાની શાનમાં વસે મારા જીવનનો વિશ્વાસ...
શહીદોનાં બલિદાનથી આઝાદી મળી અમૂલ્ય,
તેમના ઋણને યાદ રાખી, કરીએ દેશને મૂલ્યવાન...
ધર્મ જુદા, ભાષા જુદી, છતાં એક આપણો દેશ,
પ્રેમ, એકતા અને સેવા, એ જ ભારતનો સંદેશ...
દેશનું ગૌરવ વધારીએ, કરીએ સહિયારું કામ,
ભારત માતાની જય બોલી, રોશન કરીએ
નામ...

**- દૃષ્ટિ ઠુંમર**

## દેશભક્તિ

સૈનિકમાં મળી છે ભરતી,
દેશભક્તિનાં ઉછળતાં
મોજાં મારા રક્તમાં.
મેં ફરકાવ્યો છે રાષ્ટ્રધ્વજ
ભારતભૂમિની છાતી ઉપર
બસ હવે,
ધબકે છે : રગેરગમાં માત્ર
અને માત્ર ‘દેશભક્તિની જ
પરિભાષા’

**- રમેશ પટેલ (સુરત)**